# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका    Bajkhedawal Patrika


વર્ષ : ૧૫    ૨૦૨૧ : ડિસેમ્બર

અંક : ૮    માસિક : રૂ. ૫/-



: તંત્રી :

શ્રી જગતભાઈ એચ. દવે

૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,

વલ્લભ વિદ્યાનગર–૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪



: પ્રકાશક :

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન

૧–૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ–૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા
## પત્રિકાના આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/–

| | | | |
|---|---|---|---|
| ૧. | હિમાલીબેન રાજેશકુમાર દવે | વડોદરા | ૪૭૫૬ |
| ૨. | મયંકભાઈ દવે | અમદાવાદ | ૪૭૫૭ |
| ૩. | શીલા સંજય દવે | હૈદરાબાદ | ૪૭૫૮ |
| ૪. | સૌરભભાઈ ભટ્ટ | બાવળા | ૪૭૫૯ |
| ૫. | પાર્થ મુકેશભાઈ ભટ્ટ | અમદાવાદ | ૪૭૬૦ |
| ૬. | ગણેશભાઈ બી. દવે | અમદાવાદ | ૪૭૬૧ |
| ૭. | હંસેષ સુરેશચંદ્ર દવે | અમદાવાદ | ૪૭૬૨ |
| ૮. | જનકકુમાર દિનેશભાઈ મહેતા | માતર | ૪૭૬૩ |
| ૯. | અંકિતકુમર દિનેશભાઈ મહેતા | અમદાવાદ | ૪૭૬૪ |
| ૧૦. | વિશ્વનાથ રાજારામ ત્રિવેદી | હૈદરાબાદ | ૪૭૬૫ |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના
## વિશિષ્ટ સહાય ફંડના દાતાશ્રી

| | | | |
|---|---|---|---|
| ૧. | ચિ. સિદ્ધાર્થ ભટ્ટના જ્ઞાતિ ગૌરવ નિમિતે<br>હસ્તે – હિતેન્દ્ર કનૈયાલાલ ભટ્ટ | વડોદરા | રૂ. ૧૫૫૧/– |
| ૨. | શ્રી આનંદશંકર પંડ્યાની સ્મૃતિમાં<br>હસ્તે – શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજ–મુંબઈ | મુંબઈ | રૂ. ૧૫૫૧/– |
| ૩. | શ્રી સુરેશભાઈ તથા શ્રી ભાવનાબેન જોષી તરફથી<br>હસ્તે – શ્રી સુરેશભાઈ જયશંકર જોષી | ઉમરેઠ | રૂ. ૩૧૦૨/– |
| ૪. | શ્રી ઠાકોરભાઈ યુ. પંડ્યાની સ્મૃતિમાં<br>હસ્તે – શ્રી ભાનુબેન પંડ્યા | આણંદ | રૂ. ૧૫૫૧/– |

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.ના
## વિદ્યોતેજક ફંડના દાતાશ્રી

| | | | |
|---|---|---|---|
| ૧. | જયભાઈ દિપકભાઈ ભટ્ટ | અમદાવાદ | રૂ. ૨૫૦૦/– |

# તંત્રી લેખ...

## શ્રીમદ ભગવદ ગીતા : અષ્ટાદશ અધ્યાય-મોક્ષ સન્યાસ યોગ ભાગ-૧

અર્જુને શ્રી કૃષ્ણને કહ્યું હે અંતર્યામી ! હું સંન્યાસના તેમજ ત્યાગના તત્વને જુદું જાણવા માંગુ છું.

જવાબમાં શ્રી ભગવાન બોલ્યા, કેટલાક પંડિતજનો કામ્ય કર્મો (જેવાં કે સ્ત્રી, પુત્ર, ધન આદિ પ્રિય લાગતાં પ્રાપ્તિ અર્થે તથા રોગ, સંકટ વગેરેના નિવારણ અર્થે જે યજ્ઞ, દાન, તપ અને ઉપાસના જેવાં કર્મો)ના ત્યાગને સંન્યાસ સમજે છે. જ્યારે બીજા વિચારકુશળ માણસો સઘળાં ય કર્મોના ફળના ત્યાગને ત્યાગ કહે છે. (ઈશ્વરની ભક્તિ, દેવતાઓનું પૂજન, માતાપિતા આદિ વડીલોની સેવા, યજ્ઞ, દાન અને તપ તથા વર્ણાશ્રમ અનુસાર આજીવિકાના કર્મો તેમજ શરીર સંબંધી ખાવુપીવું વગેરે જેટલાં કર્તવ્યકર્મો છે, એમના અનુષ્ઠાણમાં રહેલી ઈહલોક અને પરલોકની સઘળી કામનાઓનો સંપૂર્ણ ત્યાગ કરવો એનું નામ સઘળાં ય કર્મોનાં ફળનો ત્યાગ) કેટલાક વિદ્વાનો એમ કહે છે કે કર્મ માત્ર દોષયુક્ત છે માટે ત્યાગ કરવા યોગ્ય છે. જ્યારે અન્ય વિદ્વાનો એમ કહે છે કે યજ્ઞ, દાન અને તપરૂપી કર્મ ત્યાગ કરવા યોગ્ય નથી. સંન્યાસ અને ત્યાગ બેઉમાંથી પહેલાં ત્યાગ વિષે હું મારો નિશ્ચય જણાવીશ, કેમ કે ત્યાગ સાત્વિક, રાજસ અને તામસ એવા ભેદથી ત્રણ પ્રકારનો કહેવાયો છે. યજ્ઞ, દાન અને તપરૂપી કર્મ કદી ત્યાગ કરવા યોગ્ય નથી, પરંતુ એ તો અવશ્ય કરવાં જોઈએ કેમકે એ ત્રણેય કર્મો મુમુક્ષુ એટલે કે બુદ્ધિશાળી માણસોને પવિત્ર કરનારા છે. જે વરણાશ્રમ અનુસાર જણાવેલાં શાસ્ત્રવિહિત કર્મોનું શાસ્ત્ર વિધિ અનુસાર અંગ ઉપાંગ સહિત નિષ્ઠામભાવે ભગવદર્થ કર્મ કરે છે. આ યજ્ઞ, દાન અને તપરૂપી કર્મોને તેમજ બીજાં પણ સઘળાં ય કર્તવ્યકર્મોને આસક્તિ અને ફળનો ત્યાગ કરીને જ ચોક્કસ કરવાં જોઈએ.

નિશિદ્ધ તેમજ કામયકર્મોનો તો સ્વરૂપથી ત્યાગ કરવો ઉચિત જ છે પણ નિયત કર્મોનો સ્વરૂપથી ત્યાગ ઉચિત નથી, માટે મોહને લીધે એ નિયત કર્મનો ત્યાગ કરી દેવો તે તામસ ત્યાગ કહેવાયો છે.

જે કાંઈ કર્મો છે એ સઘળાં દુ:ખરૂપ જ છે એમ માનીને જો કોઈ માણસ શારીરિક કલેશ ન ભયથી કર્તવ્યકર્મોનો ત્યાગ કરી દે, તો એ આવો રાજસ ત્યાગ કરીને ત્યાગના ફળને કોઈ રીતે પણ પામતો નથી.

જે શાસ્ત્રવિહિત કર્મ, કરવું કર્તવ્ય છે એવા ભાવથી આસક્તિ અને ફળનો ત્યાગ કરીને કરવામાં આવે છે, એ જ સાત્વિક ત્યાગ મનાયો છે.

જે માણસ અકુશળ કર્મનો દ્વેષ નથી કરતો કે કુશળ કર્મમાં આસક્ત નથી થતો, એ શુદ્ધ સત્વગુણથી યુક્ત માણસ સંશય વિનાનો, બુદ્ધિશાળી અને ખરો ત્યાગી છે. શરીરધારી કોઈપણ માણસ દ્વારા સંપૂર્ણપણે બધાં જ કર્મોને ત્યજવાં શક્ય જ નથી માટે જે કર્મફળનો ત્યાગ કરનાર છે એ જ ત્યાગી કહેવાય છે. કર્મફળનો ત્યાગ ન કરનારા માણસોનાં કર્મોનું સારું, નરસું અને મિશ્ર – એમ ત્રણ પ્રકારનું ફળ મર્યા પછી અવશ્ય હોય છે, પરંતુ કર્મફળનો

ત્યાગ કરી દેનારા માણસોનાં કર્મોનું ફળ કોઈ કાળે પણ નથી હોતું.

સર્વ કર્મોના સિદ્ધ થવાનાં આ પાંચ કારણો, કર્મોના અંત કરવાનો ઉપાય દર્શાવનાર સાંખ્યશાસ્ત્રમાં કહેવાયાં છે. તે છે અધિષ્ઠાન, કર્તા, કરણ, ચેષ્ટા અને દૈવ. માણસ, મન, વાણી અને શરીરથી શાસ્ત્રને અનુકૂળ કે વિપરીત જે કાંઈ પણ કર્મ આચરે છે – એનાં આ જ પાંચેય કારણો છે. જેના આશ્રયે રહીને ક્રિયાઓ થાય છે, એ શરીર અને ભૂમિ વગેરેને અધિષ્ઠાન કહેવાય છે. મન, બુદ્ધિ અને અહંકારરૂપી અંતઃકરણને પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો રૂપી દસ બાહ્યકરણોને તેમજ કર્મો કરવામાં સહાયક ઉપકરણોને કરણ કહેવાય છે. પૂર્વે કરેલાં શુભાશુભ કર્મોના સંસ્કારો કે જે પ્રારબ્ધ કે અદ્રશ્યના નામે ઓળખાય છે એમને દૈવ કહેવાય છે.

પરંતુ આમ હોવા છતાં પણ જે માણસ અશુદ્ધ બુદ્ધિનો હોવાને કારણે કર્મોના થવામાં કેવળ અર્થાત શુદ્ધસ્વરૂપ આત્માને કર્તા સમજે છે એ મલિન બુદ્ધિનો અજ્ઞાની ખરું નથી સમજતો. સત્સંગ અને સતશાસ્ત્રોના અભ્યાસ દ્વારા તેમજ વિવેક, વિચાર અને શમ, દમ આદિ આધ્યાત્મિક સાધનો દ્વારા જેની બુદ્ધિ શુદ્ધ થઈ નથી એ માણસને અશુદ્ધ બુદ્ધિનો સમજવો. જે માણસના અંતઃકરણમાં 'હું કર્તા છું' એવો ભાગ નથી, તેમજ જેની બુદ્ધિ સાંસારિક પદાર્થોમાં અને કર્મોમાં લેપાતી નથી, એ માણસ આ બધા લોકોને હણીને પણ વાસ્તવમાં નથી હણતો કે નથી એ પાપથી બંધાતો. જેમ અગ્નિ, વાયુ કે જળ વડે પ્રારબ્ધવશ કોઈ પ્રાણીની હિંસા થતી હોય એમ દેખાવા છતાં પણ એ અગ્નિ, વાયુ કે જળ દ્વારા વાસ્તવમાં હિંસા નથી, એ જ રીતે જે માણસનું દેહમાં અભિમાન નથી, તેમજ સ્વાર્થ વિના કેવળ સંસારના હિતાર્થે જ જેની બધી ક્રિયાઓ થતી હોય છે, એ માણસના શરીર અને ઈન્દ્રિયો દ્વારા કદી કોઈપણ પ્રાણીની હિંસા થતી લોકદષ્ટિમાં જોવામાં આવે, તો પણ એ માણસ દ્વારા વાસ્તવમાં હિંસા નથી, કેમ કે આસક્તિ, સ્વાર્થ અને અહંકાર ન હોવાને કારણે કોઈ પ્રાણીની હિંસા થઈ જ શકતી નથી તથા કર્તૃત્વના અભિમાન વિના કરેલું કર્મ ખરેખર તો અકર્મ જ છે. માટે એ માણસ પાપથી બંધાતો નથી.

– અસ્તુ

**તંત્રી – શ્રી જગતભાઈ દવે**

**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



### જ્ઞાતિ ગૌરવ

ઉમરેઠના વતની સ્વ. કનૈયાલાલ માણેકલાલ ભટ્ટના સુપૌત્ર તથા પિતા હિતેન્દ્રકુમાર ભટ્ટ અને માતા પારૂલબેન ભટ્ટના સુપુત્ર ચિ. સિદ્ધાર્થ ભટ્ટ જન્મ તારીખ ૧૧-૮-૧૯૯૫ જન્મે વડોદરા નિવાસીનાઓએ સને ૨૦૧૯માં ગુજરાત રાજ્ય સેવા આયોગ (જી.પી.એસ.સી.) દ્વારા લેવાયેલ મદદનીશ ઈજનેર વર્ગ-૨ (માર્ગ અને મકાન વિભાગ)ની પરીક્ષા સમગ્ર રાજ્યમાં ૯૭ ક્રમે પાસ કરી સમસ્ત બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજનું મન ગોરવંતુ કર્યું છે. અથાક મહેનત અને દ્રઢ ઈચ્છા શક્તિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડનાર ચિ. સિદ્ધાર્થ પહેલેથી જ અભ્યાસમાં સમાજના શરદોત્સવ કાર્યક્રમમાં પ્રથમ ક્રમે પુરસ્કાર મેળવતા આવેલ છે. ધોરણ ૧૦માં ૯૫.૨૦% અને ધોરણ ૧૨માં ૮૯% મેળવી. એમ.એસ. યુનિવર્સિટી વડોદરામાં સિવિલ એન્જિનયરીંગનો અભ્યાસ કરેલ છે. સને ૨૦૧૮માં જી.એસ.ઈ.સી.એલ. (જી.ઈ.બી.)માં જુનિયર ઈજનેર તરીકે ફરજ બજાવતાની સાથે જી.પી.એસ.સી. પરીક્ષાની તૈયારી કરી આ પરીક્ષા પાસ કરી છે. જે પ્રેરણાદાયક છે. આ પરીક્ષા પાસ કરવા બદલ સમસ્ત બ્રાહ્મણ સમાજ તરફથી પુરસ્કાર પણ મેળવેલ છે. હાલ ચિ. સિદ્ધાર્થ મદદનીશ ઈજનેર વર્ગ-૨ (માર્ગ અને મકાન વિભાગ) તરીકે ફરજ બજાવે છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



**શ્રી આનંદશંકર પંડ્યાજી**

શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજ અત્યંત દુ:ખ સાથે જણાવે છે કે, આપણાં સમાજના અગ્રગણ્ય વડીલ શ્રી આનંદશંકર પંડ્યાજી કે જેઓને બધાં પૂજયનીય શ્રી બાપુજી તરીકે સંબોધતાં અને ઓળખતાં હતાં. તેઓ તા. ૧૦-૧૧-૨૦૨૧ના રોજ દેવલોક પામ્યા છે.

તેઓ એક કર્મષ્ઠ વ્યક્તિત્વ ધરાવનાર અને બધાંને અનેક પ્રકારે સહાય કરતાં હતાં. આપણાં મુંબઈ સમાજને સમય સમય પર માર્ગદર્શન અને સમાજ માટે આર્થિક સહાય પ્રકલ્પના પ્રણેતા હતાં.

આ પ્રકલ્પ થકી મુંબઈ સમાજ ભારતભરમાં વસતાં જરૂરિયાત મંદ આપણાં જ્ઞાતિજનોને તેમની યોગ્યતા પ્રમાણે દર વર્ષે મદદ કરી રહ્યો છે.

સંસ્કૃતિ અને ધર્મનું વિશાળ જ્ઞાન હોવાથી ભારત વર્ષમાં હિન્દુ ધર્મ માટે તેઓએ વીર ભામાશા તરીકે ધર્મને વિકસાવવા અને લોકોમાં જાગરૂકતાં લાવવા માટે મોટુ યોગદાન વર્ષોવર્ષ આપતાં હતા. તેઓ વિશ્વ હિન્દુ પરિષદ (વી.એચ.પી.) ઘણાં વર્ષો સુધી ઉપપ્રમુખ રહ્યા હતા. તેઓએ લખેલા પુસ્તક વૈશ્વિક જગતની સમૃદ્ધિ માટે ભારતનો દષ્ટિકોણ (India's Vision For Global Prosperity)નું વિમોચન મહારાષ્ટ્રના મહામુહિમ રાજ્યપાલ શ્રી ચેન્નામનેની વિધાસાગર રાવજીના વરદહસ્તે તા. ૧૨-૧૦-૨૦૧૮ના રોજ રાજભવન ખાતે કરવામાં આવ્યુ હતું. તે આપણાં સમાજને ગૌરવાન્વિત કરે છે. આજે હિન્દુ સમાજ અને આપણાં બાજખેડાવાળ સમાજ તેઓની ન પુરાય તેવી ખોટ પડી છે તેનો પર્યાય હાલ પુરતો નથી દેખાતો.

શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજ તેઓને શ્રદ્ધા સુમન સહ નમન કરી શ્રદ્ધાંજલિ આપી પરમકૃપાળુ પરમાત્માશ્રીને પ્રાર્થના કરે છે કે સદ્‌ગતના આત્માને પરમશાંતિ આપ ધામમાં સ્થાન આપે તેમના પરીવારજનો પર આવી પડેલ દુ:ખમાં અમો બધાં સહભાગી છીએ.

**પ્રમુખ-શ્રી મહેન્દ્ર સી. ભટ્ટ અને સમાજના સર્વે જ્ઞાતિજનો**

**શ્રી મુંબઈ બાજખેડાવાળ સમાજ - મુંબઈ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



**શ્રી ઠાકોરભાઈ યુ. પંડ્યા**

મૂળ વતન ઉમરેઠ

જન્મ તારીખ ૧૪-૧૨-૧૯૩૦ અવસાન તારીખ ૧૯-૧૦-૨૦૨૧

તેઓશ્રી ટી. યુ. પંડ્યા તરીકે જાણીતા હતા. સમગ્ર જિંદગી ૧૯૫૨ થી ૧૯૮૯ સુધી ઠાસરા ખાતે જે. એમ. દેસાઈ હાઈસ્કુલમાં નોકરી કરી હતી અને છેલ્લે પ્રિન્સીપાલ તરીકે ૧૯૮૯માં રીટાયર થયેલ હતા.

હાલ તેઓના બે પુત્રી શ્રી કિરણભાઈ – આદિત્યા બિરલા ગ્રુપમાંથી ગયા વર્ષે જ રીટાયર થઈ સુરતમાં સ્થાઈ થયેલ છે અને નાનો પુત્ર શ્રી તુષારભાઈ ટોરેન્ટ ફાર્મા ગ્રુપમાંથી ગયા વર્ષે રીટાયર થી હાલ વડોદરા ખાતે સ્થાયી છે અને તેઓની પુત્રી – ડૉ. વંદના આણંદ ખાતે ફિઝિયોથેરાપીસ્ટ તરીકે પ્રાઈવેટ પ્રેકટીસ કરે છે.

તેઓના પત્ની શ્રીમતી ભાનુબેન પંડ્યા તરફથી પત્રિકાને રૂ. ૧૫૫૧/-નું દાન મળેલ છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૩૧૦૨/-ના દાતા



**શ્રી સુરેશચંદ્ર જયશંકર જોષી**
જ.તા. ૨૨-૧૧-૧૯૩૬
ઠે. વ્યાસચોરા, ઉમરેઠ



**સ્વ. ભાવનાબેન સુરેશચંદ્ર જોષી**
જ.તા. ૧૩-૦૮-૧૯૪૩
અવસાન તા. ૨૪-૦૪-૨૦૦૬

શ્રી સુરેશભાઈ જયશંકર જોષી (ગુ.રા.)ના સિંચાઈ ખાતામાં ૩૦ વર્ષની નોકરી કરી કર્મનિષ્ઠ કર્મચારીનું સરકારશ્રી તરફથી પ્રમાણપત્ર મેળવી માનભેર નિવૃત્ત થયેલ સુખી વરિષ્ઠ નાગરિક છે.

તેમના જયેષ્ઠ પુત્ર શૈલેષભાઈ ન્યાય ખાતામાં સિવિલ જજ (એસ.ડી.)ના હોદ્દા પરથી નિવૃત્ત થઈ ડાકોર મુકામે સ્થાયી થયેલ છે.

તેમની પુત્રી નિલાબેન જે. દવે ન્યાય ખાતામાં (રજિસ્ટાર) જોઈન્ટ ડીસ્ટ્રીકટ કોર્ટ ડીસા ખાતે ફરજો બજાવી નિવૃત્ત થઈ ડીસા મુકામે સ્થાયી થયેલા છે.

તેમના જમાઈ જયેશકુમાર શંભુપ્રસાદ દવે (સોજીત્રા) પી એ ટુ એમ.ડી. (બનાસકાંઠા) જી. મ. સ. બેંક લિમીટેડ પાલનપુર ખાતે કાર્યવંત છે.

તેમના અનુજ પુત્ર કલ્પેશભાઈ પી.એસ.ઓ. (સિવિલ કોર્ટ) ઉંમર ગામ જી. વલસાડ ફરજ બજાવતા હતા. પરંતુ પોતાની સેવા કરવાના શુભ આશયથી બદલ કરાવી હાલમાં પી.એસ.ઓ. (સિવિલ કોર્ટ) ઉમરેઠ ખાતે ફરજ બજાવે છે.

આજકાલ લોકોને સ્વતંત્ર જીવવું બહુ ગમે છે ત્યારે તેમના અનુજ પુત્ર કલ્પેશભાઈના પત્ની કેતનાબેન પાઠક (ડાકોર) સસરાને પિતાતુલ્ય સમજી સેવા કરી રહ્યા છે. જે જ્ઞાતિના ગૌરવની વાત છે તે હકીકતને નકારી શકાય નહી જય મહાદેવ.

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.-અમદાવાદ
## વિદ્યાતેજક ફંડમાં રૂ. ૨૫૦૦/-ના દાતા



**શ્રી જયભાઈ દિપકભાઈ ભટ્ટ**

જ્ઞાતિનો છેવાડાના વ્યક્તિ સુધી મદદ પહોંચી એવી ઉત્તમ ભાવનાના ટૂંકા સાર સાથે શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી-અમદાવાદના વિદ્યોતેજક ફંડમાં રૂ. ૨૫૦૦/-નું પોતાનું અનુદાન અર્પણ કરેલ છે.

ગત વર્ષે તેઓશ્રીએ પોતાનું ફોટો પ્રસિદ્ધ નહીં કરવાના આગ્રહ સાથે અનુદાન આપ્યું હતું પરંતુ આ પ્રસિદ્ધિ પાછળ તેઓના ઉત્તમ ભાવના છે કે બીજાને પ્રોત્સાહન મળે. પરંતુ આ વર્ષે તેમની ઉમદા ભાવનાને તેઓએ દર વર્ષ માટેની પરંપરા બનાવી છે તે ખૂબ ઉત્કૃષ્ટ વાત છે.

## શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટી

દવે માણેકજી બેચરજી બાજખેડાવાળ છાત્રાલય, રાજેન્દ્ર માર્ગ, નાના બજાર, વલ્લભ
વિદ્યાનગર–૩૮૮૧૨૦, તા. જી. આણંદ. (મો.) ૯૨૬૫૯૦૭૬૬૦

**ચાલો ચાલો ચાલો યાત્રા પ્રવાસ**

પ્રવાસ તા. ૨૬ અને ૨૭ (શનિવાર–રવિવાર) ફેબ્રુઆરી–૨૦૨૨

આણંદ – ખેડબ્રહ્મા – ક્ષીરજામ્બા મંદિર – વરતોલ – ગઢ શામળાજી – અંબાજી – સુંધા માતા (રાજસ્થાન) – આરાસુર – આણંદ

(૧) બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીના આજીવન સભ્યો માટે પ્રવાસની રકમ રૂ. ૭૦૦/– સભ્ય સિવાયના માટે રૂ. ૧૨૦૦/– (૨) પ્રવાસ દરમિયાન સવારનો ચા–નાસ્તો, બપોરનું ભોજન, બપોરની ચા તથા રાત્રિ ભોજન (૩) અંબાજીમાં રાત્રિ રોકાણ બે જણ વચ્ચે એક રૂમ (૪) પ્રવાસ ૩ x ૨ લકઝરી બસ દ્વારા રહેશે. (૫) અંબાજી ગબ્બર તથા સુંધા માતાની રોપ–વે સ્વખર્ચે રહેશે. (૬) વહેલા તે પહેલાના ધોરણ રકમ ભરી સીટ બુક કરાવવાની રહેશે. (૭) ફોનની બુકીંગ કરવામાં આવશે નહીં (૮) બુકીંગ કરાવવા આવો ત્યારે છાત્રાલય પર પોતાનું આઈ.કાર્ડ લઈને આવવાનું રહેશે. (૯) માત્ર એક જ બસ લઈ જવાની છે (૧૦) પોતાની જરૂરિયાત મુજબ સેનેટાઈઝર, માસ્ક, દવાઓ, ગરમ કપડાં, ટુવાલ, સાબુ–નેપકીન લેવાના રહેશે. (૧૧) પ્રવાસ દરમ્યાન સમય અને સંજોગોને આધીન કોઈ રૂટમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો સૌને બંધનકર્તા રહેશે.

**અનિલભાઈ ઠાકર** — **કિરીટકુમાર દવે**
**પ્રમુખશ્રી** — **મંત્રીશ્રી**

**સર્વે કારોબારી સભ્યશ્રીઓ**

---

## શ્રીમતી કમળાબેન જમીયતરામ પંડ્યા તથા
## શ્રી જમીયતરામ દયાશંકર પંડ્યા ટ્રસ્ટ ફંડ

(શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ સંચાલિત) શ્રી પ્રાણશંકરભાઈ હોલ,
પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન – ૨૫૪૩૨૦૪૦

શૈક્ષણિક ટ્રસ્ટ ફંડમાંથી સ્કોલરશીપ મેળવવા માટેના આવેદનપત્રોની સમયમર્યાદા તા. ૧–૧–૨૦૨૨ થી ૩૧–૧–૨૦૨૨ છે. જેની નોંધ લેવા વિનંતી છે. આ અંગેની વિગતવાર માહિતી નીચ મુજબ છે. નવા ફોર્મમાં અરજી કરવી.

જ્ઞાતિજનોના સંતાનોની શૈક્ષણિક કારકિર્દી માટે આર્થિક સહાય યોજનાલક્ષી માહિતી શ્રીમતી કમળાબેન જમીયતરામ પંડ્યા તથા જમીયતરામ દયાશંકર પંડ્યા ટ્રસ્ટ ફંડ ખાસ નર્સિંગ કોર્ષ માટે ઉપરોક્ત ટ્રસ્ટ ફંડમાં નર્સિંગનો કોર્ષ ઉમેરવામાં આવેલ છે તો જે વિદ્યાર્થીઓ નર્સિંગમાં અભ્યાસ કરતા હોય અને જણાવેલ આવકના ધારાધોરણમાં આવતા હોય તેઓએ અચૂક આ ફોર્મ મેળવી લેવા. ઉપરાંત ઉપરોક્ત ફાઉન્ડેશનમાંથી નીચે જણાવેલ ડીગ્રી–ડિપ્લોમાં તેમજ વ્યાવસાયિક કોર્સમાં અભ્યાસ કરતા માત્ર અમદાવાદમાં જ રહેતા જ્ઞાતિના વિદ્યાર્થીઓને

શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. આ માટે વિદ્યાર્થીના કુટુંબની કુલ વાર્ષિક આવક રૂ.૨,૦૦,૦૦૦/- થી ઓછી હોવી જોઈએ. તેમજ વિદ્યાર્થીએ ડીપ્લોમાં કોર્સ અને ડીગ્રી કોર્સ અને ડીગ્રી કોર્સ માટે ધો.૧૦માં, ધો. ૧૨માં તથા અનુસ્નાતક કોર્સ માટે સ્નાતકની પરીક્ષામાં ઓછામાં ઓછા ૪૫% માર્કસ મેળવેલ હોવા જોઈએ. આ અંગે શ્રી પ્રાણશંકરભાઈ હોલ ઉપરથી નવા છાપેલા અરજીપત્રક મેળવી જરૂરી વિગતો સાથે તા. ૩૧-૧-૨૦૨૨ સુધીમાં મંડળની ઓફિસે મોકલી આપવાનાં રહેશે. અધૂરી વિગતોવાળા અરજી નામંજૂર કરવામાં આવશે.

(૧) ઈન્ફર્મેશન ટેકનોલોજી (૨) એન્વાયરમેન્ટ ટેકનોલોજી (૩) વોટર મેનેજમેન્ટ (૪) કોમ્પ્યુટર એપ્લી. સાયન્સ (૫) ટેક્ષટાઈલ ટેકનોલોજી (૬) મીકેનીકલ, ઈલેક્ટ્રીકલ, સીવીલ એન્જીનીયરીંસ (૭) ફાઉન્ડ્રી ટેકનોલોજી (૮) કેમિકલ ટેકનોલોજી (૯) ઈલેક્ટ્રોનિક્સ ઇન્સ્ટ્રુમેન્ટેશન (૧૦) પ્લાસ્ટિક એન્જીનીયરીંગ (૧૧) ઓટો મોબાઈલ એન્જીનીયરીંગ (૧૨) પ્રિન્ટીંગ ટેકનોલોજી (૧૩) હોટલ મેનેજમેન્ટ (૧૪) નર્સિંગ એન્ડ મીડવાઈફ આ ઉપરાંત અન્ય ટેકનીકલ કે વ્યાવસાયિક અભ્યાસક્રમોને ધ્યાનમાં લેવાશે.

**બી.એ., બી.કોમ., બી.એસ.સી. તથા હાઈસ્કૂલમાં ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અરજી કરવી નહીં. એટીકેટી કે બ્લોક ક્લીયર ન હોય તેવા વિદ્યાર્થીઓએ અરજી કરવી નહીં.**

**- અશોકભાઈ એમ. મહેતા (ચેરમેન)**

## શ્રી પ્રાણલાલ વ્રજલાલ દવે ટ્રસ્ટ ફંડ (દવે ફાઉન્ડેશન)

(શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ સંચાલિત) શ્રી પ્રાણશંકરભાઈ હોલ,

પ્રાણકુંજ સોસાયટી, ભૈરવનાથ રોડ, અમદાવાદ. ફોન - ૨૫૪૩૨૦૪૦

ઉપરોક્ત ફાઉન્ડેશનમાંથી નીચે જણાવેલ ડીગ્રી-ડિપ્લોમાં તેમજ વ્યાવસાયિક કોર્સમાં અભ્યાસ કરતા અમદાવાદ, ખેડા, નડિયાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત જિલ્લાઓમાં રહેતા અને અભ્યાસ કરતાં જ્ઞાતિના વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીનીઓને શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. આ માટે વિદ્યાર્થીના કુટુંબની કુલ વાર્ષિક આવક રૂ.૨,૦૦,૦૦૦/- થી ઓછી હોવી જોઈએ. તેમજ વિદ્યાર્થીએ ડીપ્લોમાં કોર્સ અને ડીગ્રી કોર્સ માટે ધો.૧૦ અને ધો. ૧૨માં ઓછામાં ઓછા ૪૫% માર્કસ મેળવેલ હોવા જોઈએ. આ અંગે શ્રી પ્રાણશંકરભાઈ હોલ તેમજ ઉપર જણાવેલ શહેરોના જ્ઞાતિમંડળોના પ્રમુખશ્રીઓ પાસેથી નવા છાપેલા અરજીપત્રક મેળવી જરૂરી વિગતો સાથે તા. ૩૧-૧-૨૦૨૨ સુધીમાં મંડળની ઓફિસે મોકલી આપવાનાં રહેશે. અધૂરી વિગતોવાળા અરજી નામંજૂર કરવામાં આવશે. (૧) ઈન્ફર્મેશન ટેકનોલોજી (૨) એન્વાયરમેન્ટ ટેકનોલોજી (૩) વોટર મેનેજમેન્ટ (૪) કોમ્પ્યુટર એપ્લી. સાયન્સ (૫) ટેક્ષટાઈલ ટેકનોલોજી (૬) મીકેનીકલ, ઈલેક્ટ્રીકલ, સીવીલ એન્જીનીયરીંગ (૭) ફાઉન્ડ્રી ટેકનોલોજી (૮) કેમિકલ ટેકનોલોજી (૯) ઈલેક્ટ્રોનિક્સ ઇન્સ્ટ્રુમેન્ટેશન (૧૦) પ્લાસ્ટિક એન્જીનીયરીંગ (૧૧) ઓટો મોબાઈલ એન્જીનીયરીંગ (૧૨) પ્રિન્ટીંગ ટેકનોલોજી (૧૩) હોટલ મેનેજમેન્ટ (૧૪) નર્સિંગ એન્ડ મીડવાઈફ આ ઉપરાંત અન્ય ટેકનીકલ કે વ્યાવસાયિક અભ્યાસક્રમોને ધ્યાનમાં લેવાશે. અધુરી વિગતો તેમજ ખોટી માહિતીવાળી અરજીઓ કોઈપણ જાણ કર્યા વગર નામંજુર કરવામાં

આવશે. **એ.ટી.કે.ટી. કે બ્લોક કલીયર ન હોય તેવા વિદ્યાર્થીઓએ અરજી કરવી નહીં. નવા ફોર્મમાં અરજી કરવી. બી.એ., બી.કોમ., બી.એસ.સી. તથા હાઈસ્કૂલમાં ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અરજી કરવી નહીં.**

ઉપરોક્ત ફાઉન્ડેશનના લઘુઉદ્યોગ ફંડની વ્યાજની આવકમાંથી જ્ઞાતિની વિધવા, ત્યક્તા કે છૂટાછેડા આપેલ બહેનોના બાળકોને તેમજ માતા-પિતા વિનાના અનાથ બાળકોને શૈક્ષણિક સહાય આપવામાં આવનાર છે. આ યોજના હેઠળ સરકાર માન્ય શાળાના ધોરણ ૧૦ થી ૧૨માં તેમજ પોલીટેકનીક કે અન્ય કોઈ સરકાર માન્ય તાલિમી સંસ્થામાં ટેકનીકલ કે વ્યવસાયિક સર્ટિફિકેટ કે ડિપ્લોમાં કોર્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને લાભ આપવામાં આવશે. આ યોજના અમદાવાદ, ખેડા, આણંદ, વડોદરા, ભરૂચ અને સુરત જિલ્લાઓના ગામોના જ્ઞાતિજનો માટે છે. આ અંગેના અરજી તેમજ નિયમોના ફોર્મ મંડળની ઓફિસેથી અથવા ગામેગામના પ્રમુખ પાસેથી મેળવી લઈ તા. ૩૧-૧-૨૦૨૨ સુધીમાં મંડળના સરનામે અમદાવાદ મોકલવાના રહેશે. અધૂરી વિગતો તેમજ ખોટી માહિતીવાળી અરજીઓ કોઈપણ જાણ કર્યા વગર નામંજૂર કરવામાં આવશે ધો. ૧ થી ૧૨ તેમજ ઉપર દર્શાવ્યા સિવાયના ડીગ્રી કોર્સ માટે કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આ સહાયને પાત્ર નથી.

**- અશોકભાઈ એમ. મહેતા (ચેરમેન)**

## શ્રી તુળજા ભવાની મંદિર ટ્રસ્ટ

શ્રી તુળજામાતા, મોઢવાડા, ઉમરેઠ-૩૮૮૨૨૦. જી આણંદ (ગુજરાત)

વિ.સં. ૨૦૭૭નો નવરાત્રિ મહોત્સવ શ્રી તુળજા માતાના ત્રણે મહોલ્લાના રહીશો તેમજ બહાર ગામથી આવેલ માઈભક્તોના સાથ અને સહકારને કારણે ઘણી જ સારી રીતે સંપન્ન થયેલ છે. આ માટે શ્રી તુળજા ભવાની ટ્રસ્ટ સૌનો આભાર માને છે.

કોરોનાની અદ્ધર ચાલુ સાલે થયેલ નહીં હોઈને શેરી ગરબા અને દૂધપાકની ઉજાણીમાં ભક્તિ સાથએ દરેકે આનંદપૂર્વક ભાગ લીધેલ હતો અને મહોત્સવની મઝા દરેકે માણી હતી.

શ્રી તુળજા ભવાની સહુ માઈભક્તો તથા તેમના પરિવારજનોના આરોગ્યનું રક્ષણ કરે અને શ્રી માતાજીની કૃપા તેમના પર અવિરત વર્ષે તેવી શુભેચ્છા છે.

નવરાત્રિ મહોત્સવ દરમિયાન શ્રી તુળજાભવાનીના ચરણોમાં આવેલ ભેટની યાદી નીચે મજુબ છે.

(૧) રૂ. ૪૦૦૦૦/- પ્રેરકભાઈ એમ. જોષી (યુ.એસ.એ.) હસ્તે મૌલેશભાઈ બી. જોષી, ગાંધીનગર (૨) રૂ. ૩૭૦૦૦/- વેદાબેન હસ્તે - દક્ષાબેન બીપીનચંદ્ર શુકલ (યુ.એસ.એ.) (૩) રૂ. ૩૫૯૮૩/- વિહાબેન હસ્તે - દક્ષાબેન બીપીનચંદ્ર શુકલ (યુ.એસ.એ.) (૪) રૂ. ૧૮૦૦૦/- સ્વ. વર્ષાબેન શુકલ હસ્તે મયુરીકાબેન શુકલ (યુ.એસ.એ.) (૫) રૂ.૧૧૦૦૦/- વિહાન મિતેશકુમાર હસ્તે હેમંતકુમાર એસ. જોષી-અમદાવાદ (૬) રૂ. ૫૦૦૦/- બાબારાવ એસ. દણાક, ભરૂચ (૭) રૂ. ૫૦૦૦/- દિનેશભાઈ બી. પંડ્યા-ભરૂચ (૮) રૂ. ૫૦૦૦/- રાજેન્દ્રભાઈ ડી. દવે - દિલ્હી (૯) રૂ. ૫૦૦૧/- ધ્રુવ કપિલભાઈ ભટ્ટ, અમદાવાદ (૧૦) રૂ. ૨૫૦૦/- કિરણભાઈ રતિલાલ પંડ્યા-ગાંધીનગર (૧૧) રૂ. ૧૯૦૦/- ભિખુભાઈ એમ. જોષી

(ગુરૂદેવ), ઉમરેઠ (૧૨) રૂ. ૧૩૦૦/- પ્રેમ વાસવ (યુ.એસ.એ.) ભવ્ય દવે પરિવાર સુરત (૧૩) રૂ. ૧૨૦૦/- ચાંદીનુ છત્ર જયાબેન જયદીપભાઈ (૧૪)રૂ. ૧૦૫૦/- રોનકભાઈ આર. દવે, ઉમરેઠ (૧૫) રૂ. ૨૧૦૦/- શનતકુમાર હરીહરભાઈ દેવ-અમદાવાદ (૧૬) રૂ. ૧૦૦૧/- ચારુબેન ઈન્દ્રપ્રસાદ જોષી (લંડન) (૧૭) રૂ. ૧૦૦૦/- રજંનાબેન જગદીશભાઈ દવે, આણંદ (૧૮) રૂ. ૧૦૦૦/- શશિકાંતભાઈ રાજારામ પંડ્યા, ઉમરેઠ (૧૯) રૂ. ૧૦૦૦/- આષિતભાઈ યશવંતભાઈ દવે, અમદાવાદ (૨૦) રૂ. ૧૦૦૦/- અંશ, ધ્રુવ શેલત - અમદાવાદ (૨૧) રૂ. ૯૦૦/- દિવ્યેશ એન. પંડ્યા, ઉમરેઠ (૨૨) રૂ. ૧૦૦૦/- પ્રદ્યુમન રતિલાલ દણાક, અમદાવાદ (૨૩) રૂ. ૫૦૦/- વિજયભાઈ કે. પંડયા અમદાવાદ (૨૪) રૂ. ૫૦૦/- સુરેશચંદ્ર શાંતિલાલ પંડ્યા, વડોદરા (૨૫) રૂ. ૫૦૦/- રોનકકુમાર હિમાંશુ ઠાકર, આણંદ (૨૬) રૂ. ૫૦૦/- આર્યન હિમાશું ઠાકર, આણંદ (૨૭) રૂ. ૫૦૦/- આદિતભાઈ ધીમંતભાઈ ઠાકર, અમદાવાદ (૨૮) રૂ. ૫૦૦/- ડૉ. પ્રિયંકભાઈ બી. ભટ્ટ, અમદાવાદ (૨૯) રૂ. ૫૦૦/- ગીરીશચંદ્ર સી. પંડ્યા, અમદાવાદ (૩૦) રૂ. ૫૦૦/- ડૉ. રમેશચંદ્ર એમ. દવે, અમદાવાદ (૩૧) રૂ. ૫૦૦/ પિનાબેન એ. વ્યાસ ઉમરેઠ (૩૨) રૂ. ૫૦૦/- રાકેશકુમાર ઈન્દ્રવદન, ઉમરેઠ (૩૩) રૂ. ૩૧૫૬/- અન્ય જ્ઞાતિજનો તરફથી ભેટ બદલ ટ્રસ્ટ સૌનો આભાર માને છે.

**હર્ષદરાય દવે** — **હેમંતભાઈ જોષી**

**ટ્રસ્ટી** — **મે. ટ્રસ્ટી**

## શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ - નડીયાદ

બાજખેડાવાળ હોલ, શ્રી છાંગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર પાસે, નડીયાદ.

ફોન ૦૨૬૮-૨૫૬૬૩૮૪

શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ તરફથી તા. ૧૪-૧૨-૨૦૨૧ના રોજ મંગળવારે અગીયારસની ઉજવણી રાખવામાં આવી છે. તેમજ તા. ૨૦-૦૨-૨૦૨૨ના રોજ સમુહ જનોઈનું આયોજન કરવામાં આવલે છે. તો આ બાબતે નીચેના ફોન નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી છે.(૧) નિલુષાબેન ભટ્ટ (મો. ) ૯૭૩૭૧૨૮૩૮૬ (૨) અંજનાબેન દવે (મો.) ૮૨૦૦૯૪૮૬૫૪

સહકાર બદલ આભાર

**એન. વી. ભટ્ટ** — **એ. વાય. દવે**

**પ્રમુખશ્રી** — **મંત્રીશ્રી**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ - ભરૂચ

શ્રી બાજખેડાવાળ વાડી, પુરાણી માર્ગ, ભરૂચ-૩૯૨૦૦૧

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ દ્વારા આયોજીત, શરદ પૂનમનાં ગરબાનું આયોજન તા. ૧૬-૧૦-૨૧ સાંજે ૭.૦૦ વાગે ભરૂચ, ધૈવત કલાવૃંદના સહારે પ્રિયંકા ઠાકર, હિરલ દવે, હિમાંશુ દવે, આયુષિ દવે, દ્રષ્ટિ દણાકના સુરીલા કંઠે સૌ જ્ઞાતિજનોએ સાથે મળીને ગરબાનો આનંદ માણ્યો. સૌએ સાથે મળીને ભોજનની પ્રસાદીનો આસ્વાદ માણ્યાં.

આ પ્રસંગે અમોને મુજબ દાન મળેલ છે.

રૂ. ૩૦૦૧/– રાવકાકા, રૂ. ૧૦૦૦/– દક્ષાબેન દવે, રૂ. ૫૦૧/– શૈલેષભાઈ દવે અને અન્ય જ્ઞાતિજનો તરફથી રૂ. ૭૦૧/– દાતાશ્રીઓનો મહિલા મંડળ આભાર માને છે.

**હિયાબેન કે. ઠાકર** — **પ્રમુખ**
**પન્નાબેન આર. ઠાકર** — **ઉપપ્રમુખ**
**દિપ્તીબેન પી. ભટ્ટ** — **મંત્રી**

## સોજીત્રા બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ–સોજીત્રા

### લઘુરૂદ્ર

શ્રી રામનાથ મહાદેવ ટ્રસ્ટ અને સમસ્ત સોજીત્રા બાજખેડાવાળ જ્ઞાતિ દ્વારા લઘુરૂદ્ર યજ્ઞનું આયોજન તા. ૨૯–૦૮–૨૦૨૧ શ્રાવણ વદ સાતમના રવિવારના રોજ રાખવામાં આવ્યું. યજ્ઞનો પ્રારંભ સવારે ૮.૩૦ કલાકે અને સાંજે ૮.૩૦ કલાકે શ્રીફળ હોમવાનો સમય રાખવામાં આવ્યો. ત્યારબાદ મહાપ્રસાદ સમગ્ર જ્ઞાતિજનોએ લીધો હતો. આ લઘુરૂદ્ર સફળ બનાવવા તેમજ સહકાર આપવા બદલ રામનાથ મહાદેવ ટ્રસ્ટ અને શ્રી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ અને જ્ઞાતિજનોનો આભાર માને છે.

### સ્મશાનનું રિનોવેશન

શ્રી સોજીત્રા બાજખેડાવાળ જ્ઞાતિના કૈલાસધામમાં શ્રી સ્વ. કુમુદબેનના સ્મરણાર્થે હસ્તે અરવિંદભાઈ (બાબરભાઈ) ઝવેરભાઈ તરફથી તા. ૯–૧૧–૨૦૨૧ના રોજ હાથલારીવાળી શબવાહિની ચારેય બાજુ ફાયબરના કાચવાળી રૂ. ૫૧૦૦૦/–ની દાનમાં આપવામાં આવી. સોજીત્રા બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ અને બાજખેડાવાળ જ્ઞાતિ કમેટી તેમનો ખૂબ ખૂબ આભાર માને છે.

શ્રી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ કૈલાશધામમાં કલક કામ કરવામાં આવ્યું. આ કલરકામ તથા સ્મશાનના રિનોવેશન માટે દાનની ગંગા અવિરત આવતી જાય છે.

(૧) રૂ. ૧૫૦૧/– સ્વ. રવિશંકર બેચરભાઈ હસ્તે ગજાનન ગોઠી (૨) રૂ. ૧૦,૦૦૦/– ગિરેન્દ્રભાઈ ઠાકોરભાઈ (યુ.એસ.એ.) (૩) રૂ. ૧૦૦૦૦/– હસમુખભાઈ ગોરધનભાઈ ત્રિવેદી હસ્તે હિતેન્દ્રભાઈ ત્રિવેદી (૪) રૂ. ૫૦૦૦/– સુનિલભાઈ કિશોરભાઈ ડોળિયા (મુંબઈ) (૫) રૂ. ૧૦૦૦/– ગુણવંતભાઈ છોટાભાઈ (૬) રૂ. ૫૦૧/– શુભમભાઈ અશ્વિનભાઈ ડોળિયા (મુંબઈ)

આ ઉપરાંત શ્રી જગન્નાથ કિરપાશંકર દવે હસ્તે કે. જે. દવે તરફથી ૨ બાંકડા બેસવા માટે મળેલ છે. (૧) સ્વ. લલીતાબેન જગન્નાથ દવે (૨) સ્વ. કેતનકુમાર શંકરલાલ દવે, સ્વ. શંકરલાલ બી. દવે (૩) સ્વ. શારદાબેન જગન્નાથ દવે – ચૈન્નઈ (૪) સ્વ. મંજુલાબેન શંકરલાલ – હસ્તે સુનીલ (૫) સ્વ. જ્યોત્સનાબેન નલીનકાન્ત મહેતા

શ્રી ભગવતપ્રસાદ કૃષ્ણરામ પાઠક હસ્તે પ્રકાશભાઈ ભગવતપ્રસાદ પાઠક તરફથી તાંબાની મોટી છાછર સમાજની વાડીને દાનમાં મળેલ છે.

### સોજીત્રા સ્મશાનગૃહ સત્યનારાયણની કથા

સોજીત્રા બાજખેડાવાળ જ્ઞાતિના સ્મશાનગૃહ કૈલાસધામમાં તા. ૨૧–૧૧–૨૦૨૧ રવિવારના

રોજ સત્યનારાયણની કથાનું આયોજન કરવામાં આવ્યું. સત્યનારાયણ કથા યજમાન તરીકે પ્રીતમ દવે અને તેમના ધર્મપત્ની અને વિક્રમ દવે બેઠા હતા તથા આ કથાનો તમામ ખર્ચ ગીરેન્દ્રભાઈ ઠાકોરભાઈનો હતો.

| બળવંતકુમાર બી. ડોળીયા | સંદીપ ઠાકર | હરીશ દવે |
|---|---|---|
| પ્રમુખશ્રી | મંત્રીશ્રી | ખજાનચી |

## શ્રી ગુજરાતી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ

"ૐ નિકેતન", નં. ૩૨૬, (નવો નં. ૩૮૦), મિન્ટ સ્ટ્રીટ, ચૈન્નઈ–૬૦૦૦૦૩

શ્રી ગુજરાતી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજના આશ્રયે કોર્પોરેશન ઓફ ચેન્નઈના સહયોગથી માસ એપ્રિલ તથા મેમાં નિ:શુલ્ક બે વેક્સીનેશન કેમ્પનું આયોજનમાં ૩૫૦થી વધુ જ્ઞાતિજનોએ લાભ લીધો હતો. સંપૂર્ણ લોકડાઉનને ધ્યાનમાં લઈ સમાજના સંચાલકોએ અખાત્રીજના દિવસથી શરૂ કરી સતત ૪૦ દિવસ ભવનની બહાર 'અન્નદાન'ની વ્યવસ્થા કરવામાં આવેલ જેમાં પ્રતિદિન ૧૦૦ થી વધુ વ્યક્તિઓએ લાભ લીધો હતો.

શ્રાવણ માસમાં બળેવ પર્વ પ્રસંગે જ્ઞાતિના લગભગ ૪૫૦થી વધુ કુટુંબોને પ્રસાદીરૂપે લાડુ અને ફૂલવડી સાથે જનોઈના જોટા પહોંચાડવામાં આવ્યા હતા. દેશની આઝાદીના અમૃતવર્ષ મહોત્સવ ૧૫મી ઓગષ્ટે ભવનની અગાશીમાં ત્રિરંગો ફરકાવી આ રાષ્ટ્રીય તહેવાર મનાવ્યો હતો. નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પ ઓગષ્ટમાં તથા ઓકટોબરમાં નિ:શુલ્ક જનરલ હેલ્થકેમ્પ ઈ.સી.જી., ઈકોની વ્યવસ્થા સાથે ભવનમાં સફળતાપૂર્વક આયોજન કરવામાં આવેલ.

શ્રી શૈલમ (આંધ્રપ્રદેશ) સ્થિત સુપ્રસિદ્ધ જ્યોતિર્લિંગ મલ્લીકાર્જુન મહાદેવ યાત્રા–પ્રવાસનું પણ આયોજન રાખવામાં આવેલ. સમાજની રેશન રાહત પ્રવૃત્તિમાં ૪૨ કુટુંબોને પ્રતિમાસ આર્થિક સહાય ઉપરાંત કોરોનાકાળ દરમ્યાન આઠ મહિના અનાજ રાહત પણ આપવામાં આવેલ.

આસો માસની મહાનવરાત્રી પ્રસંગ ખૂબ જ ધામધૂમપૂર્વક શ્રી યજ્ઞેશ આર. શેલત અને શ્રી મુકેશભાઈ આર. દવે તથા શ્રી નિરંજન દ્વિવેદીના આચાર્યપદમાં શ્રી ચન્દ્રકાન્ત બી. દવે (મોતીલાલ)ના પ્રધાન સેવકમાં શ્રીમતી શીલાબેન અરૂણભાઈ દવેના પ્રધાન સુમંગલીપદે પ્રતિદિન સવાર–સાંજ વિધિવિધાનપૂર્વક માતાજીના પૂજા અર્ચના, નૈવેદ્ય, આરતી વિ.માં જ્ઞાતિજનોએ ખૂબ સારી સંખ્યામાં ભાગ લઈ પ્રસંગને અદ્‌ભૂત સફળતા મળી હતી.

ગુજરાતી નૂતન વર્ષ પ્રસંગે શ્રી રાજેશભાઈ એન. દવેના મુખ્ય યજમાન પદે, શ્રી મુકેશભાઈ પુરૂષોત્તમ દવેના વિશેષ યજમાન પદે અને સમાજનો ઉચ્ચતમ અને પ્રતિષ્ઠિત 'ચેન્નઈથી બાજખેડાવાળ રત્ન'નો એવોર્ડ શ્રી કિરણભાઈ ચીમનલાલ પંડ્યાને એનાયત કરી પ્રસંગને યાદગાર બનાવવામાં આવેલ. આ પ્રસંગે બે વર્ષના શૈક્ષણિક ઈનામો વિદ્યાર્થીઓને તથા નિવૃત્ત થયેલ શિક્ષકોને સન્માન કરવામાં આવેલ.

તુલસી વિવાહના પવિત્ર પ્રસંગે આપણી જ્ઞાતિની કુળદેવી શ્રી ક્ષિરજામ્બા માતાજીની ભવ્ય મૂર્તિની પ્રતિષ્ઠા પૂર્ણ વિધીપૂર્વક શ્રીમતી મંજુલાબેન ઘનશ્યામભાઈ દવે પરિવારના સહયોગથી થઈ હતી.

સમાજની દરેક પ્રવૃત્તિઓમાં કે.વાય.એન, સહેલી મિલન આકૃતિ સંસ્થા તથા શ્રી શક્તિ સેવક મંડળના સૌ હોદ્દેદારો તથા અન્ય સભ્યોનો ખૂબ જ સાથ અને સહકાર પ્રાપ્ત થયો હતો.

**બીજલ બી. ડોળીયા** — **પ્રમુખ**

**દિનેશ જે. ઠાકર/મનોજ વી. શુકલા** — **મંત્રીઓ**

## શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સમિતિ - ભરૂચ

શ્રી બાજખેડાવાળની વાડી, પુરાણી માર્ગ, શેઠ ફળીયા પાસે, ભરૂચ

શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સમિતિ - ભરૂચની સાધારણ સભા તા. ૨૧-૧૧-૨૧ને રવિવારના રોજ બપોરે ૩.૧૫ કલાકે શ્રી બાજખેડાવાળની વાડી - ભરૂચ ખાતે શૈલેશ દવેના અધ્યક્ષ સ્થાને મળેલી જેમાં મુખ્યત્વે નીચે જણાવેલ કાર્યો મંજુર કરવામાં આવ્યા.

સમિતિના સન ૨૦૨૦-૨૧ના ઓડિટેડ હિસાબો મંજુર કરવામાં આવ્યા. શ્રી બાજખેડાવાળની વાડી કોન્ટ્રાક્ટથી આપવા ટ્રસ્ટી મંડળને સત્તા આપવામાં આવી. આગામી ટર્મ-૨ વર્ષ માટે નીચે જણાવ્યા મુજબ વ્યવસ્થાપક કમિટી તથા ટ્રસ્ટી મંડળની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી.

વ્યવસ્થાપક કમિટી (૧) શ્રી સેજલ દેસાઈ - પ્રમુખ (૨) શ્રી પરેશ ભટ્ટ - ઉપપ્રમુખ (૩) શ્રી રાકેશ દણાક - માનદ્ મંત્રી (૪) શ્રી હરેશભાઈ શેલત - સહમંત્રી (૫) શ્રી રાજેન્દ્રભાઈ ભટ્ટ - સભ્યશ્રી (૬) શ્રી અતુલ શુકલ - સભ્યશ્રી (૭) શ્રી દત્તુ ઠાકર - સભ્યશ્રી (૮) શ્રી અથુલ ડોલીયા - સભ્યશ્રી (૯) શ્રી અમરીષ દવે - સભ્યશ્રી (૧૦) શ્રી મહેશ ઠાકર - સભ્યશ્રી (૧૧) શ્રી હીના ઠાકર - હોદ્દાની રૂએ આમંત્રિત સભ્ય (૧૨) શ્રી દિપ્તી ભટ્ટ - હોદ્દાની રૂએ આમંત્રિત સભ્ય (૧૩) શ્રી હર્ષ દવે - હોદ્દાની રૂએ આમંત્રિત સભ્ય, વાડી વ્યવસ્થાપક - શ્રી જીતેન્દ્ર દણાક ટ્રસ્ટી મંડળી (૧) શ્રી બાબારાવ દણાંક (૨) શ્રી દિનેશ પંડ્યા (૩) શ્રી રાજેન્દ્રભાઈ દેસાઈ (૪) શ્રી હરેન્દ્રભાઈ ધ્રુવ (૫) શ્રી શૈલેષ દવે (૬) શ્રી સેજલ દેસાઈ- પ્રમુખના હોદ્દાની રૂએ

શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સમિતિ - ભરૂચ તરફથી શ્રી બાજખેડાવાળની વાડી ભરૂચમાં તા. ૨૮-૧૧-૨૧ને રવિવારના રોજ દત્તયાગ, સ્નેહમિલન સમારંભ તથા જ્ઞાતિના વિદ્યાર્થીઓને ઈનામ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતા.

આ કાર્યક્રમોની સમગ્ર જવાબદારી સર્વ શ્રી રાકેશ દણાક તથા શ્રી જીતેન્દ્ર દણાકને સુપ્રત કરવામાં આવી હતી. આ જવાબદારી તેમણે ખૂબ સારી રીતે નિભાવેલી. કાર્યક્રમને સફળ બનાવવામાં નવા વરાયેલ પ્રમુખશ્રી સેજલ દેસાઈ અને તેમની વ્યવસ્થાપક કમિટીની ટીમ. ટ્રસ્ટી મંડળ તથા જ્ઞાતિજનોનો ખૂબસહકાર મળેલો જે બદલ સમિતિ સૌનો આભાર માને છે.

દત્તયાગમાં મુખ્ય યજમાન તરીકે પ્રદીપ શેલત અને સહ યજમાન તરીકે નીચે જણાવેલ જ્ઞાતિજનો પૈસી ભરીને બેઠા હતા. શાસ્ત્રી શ્રી પ્રદીપભાઈ અને અન્ય આઠ ભુદેવોએ દત્તયાગ કરાવી વાતાવરણ પવિત્ર બનાવ્યું.

(૧) શ્રી પ્રદીપ શેલત - મુખ્ય મહેમાન રૂ. ૧૧૦૦૦/-, સહયજમાન (૨) શ્રી મનીષા પંડ્યા - રૂ. ૧૦૦૦/- (૩) શ્રી આયુષ દણાક રૂ. ૧૦૦૦/- (૪) શ્રી ધર્મેન્દ્ર દણાક રૂ.૧૦૦૦/- (૫) શ્રી મેહુલ ભટ્ટ - રૂ. ૧૦૦૦/- (૬) શ્રી પિનાકીન ભટ્ટ - રૂ. ૧૦૦૦/- (૭) શ્રી કિવાન દવે

- રૂ. ૧૦૦૦/- (૮) શ્રી જીગ્નેશ દવે - રૂ. ૧૦૦૦/- (૯) શ્રી હિતેશ શુક્લ - રૂ. ૧૦૦૦/-

દત્તયાગમાં નીચે જણાવેલ જ્ઞાતિજનો તરફથી દાન મળેલ છે. જેના સાભાર સ્વીકાર કરવામાં આવે છે. (૧) શ્રી શૈલેશ દવે - રૂ. ૧૦૦૦/- (૨) શ્રી હર્ષ દવે - રૂ. ૧૦૦૦/- (૩) શ્રી મેહુલ ભટ્ટ - રૂ. ૧૦૦૦/- (૪) શ્રી હર્ષ શુકલ - રૂ. ૫૦૦/- (૫) શ્રી જાહન્વી શુકલ રૂ. ૫૦૦/-

દત્તયાગ પુર્ણ થતાં સ્નેહમિલન સમારંભ તથા જ્ઞાતિના વિદ્યાર્થીઓને ઈનામ વિતરણનો કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ. દર વખતની જેમ આ વખતે પણ ૫૪ જેટલાં જ્ઞાતિના વિદ્યાર્થીઓને ગીફ્ટ શ્રી નિલેષ દેસાઈ શ્રી કોકરીવાળા તરફથી આપવામાં આવેલી જ્ઞાતિ સમાજ તેમનો હૃદયપૂર્વક આભાર માને છે.

જ્ઞાતિજનો તરફથી સ્નેહમિલન સમારંભમાં 'ફુલ નહીં તો ફુલની પાંખડી' યથાશક્તિ દાન મળેલ છે. જે સૌનો જ્ઞાતિસમાજ વતી સાભાર ઋણ સ્વીકાર કરવામાં આવે છે.

રૂ. ૫૦૦/- કે તેથી વધુ મળેલ દાનના દાતાઓના નામ નીચે મુજબ છે.

(૧) શ્રી ગીતાબેન નરેન્દ્રભાઈ દેસાઈ રૂ. ૫૦૧/- (૨) શ્રી ઋષિતાબેન સેજલભાઈ દેસાઈ રૂ. ૫૦૧/- (૩) શ્રી દિપેન કનૈયાલાલ ભટ્ટ રૂ. ૫૦૦/- (૪) હરેશભાઈ શેલત તથા હર્ષાબેન, ભદ્રેશભાઈ, ભાવિની, કૃતિકા રૂ. ૫૦૦૦/- (૫) રાજેન્દ્ર બી. ભટ્ટ રૂ. ૫૦૦/- (૬) નરેન્દ્રકુમાર ભાનુશંક ભટ્ટ રૂ. ૫૦૦/- (૭) ભરતભાઈ એમ. શુકલ રૂ ૫૦૦/- (૮) કેતન નરેન્દ્રભાઈ શુકલ રૂ. ૫૦૧/- (૯) હિનાબેન ઠાકર રૂ. ૫૦૧/- (૧૦) રાજેશ એમ. દવે રૂ. ૫૦૦/- (૧૧) પન્નાબેન રમેશભાઈ ઠાકર રૂ. ૫૦૦/- (૧૨) જીગર સમીર ભટ્ટ રૂ. ૫૦૧/- (૧૩) શ્રી ભદ્રેશભાઈ દવે રૂ. ૫૦૧/- (૧૪) શ્રી આનંદ શુકલ રૂ. ૫૦૦/-

વિધવા સહાય

(૧) કનૈયાલાલ બાબુભાઈ ભટ્ટ રૂ. ૧૦૦૧/- (૨) શ્રી ભરતકુમાર એમ. શુકલ રૂ. ૫૦૦/- (૩) શ્રી સ્વ. ભગવતીબેનના સ્મરણાર્થે હસ્તે નરેન્દ્રભાઈ એસ. શુકલ રૂ.૨૫૫૧/- (૪) શ્રી સ્વ. જગદીશભાઈ હર્ષદરાય ધ્રુવના સ્મરણાર્થે હસ્તે હરેન્દ્ર ધ્રુવ રૂ. ૨૫૦૦/-

સમગ્ર કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન વિદાય લઈ રહેલા પ્રમુખ શ્રી શૈલેષ દવેએ સંભાળેલું. તેઓએ છેલ્લા ૩૦ વર્ષથી જ્ઞાતિના વિકાસ ઉત્થાન માટે કરેલ સેવા બદલ શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સમિતિ-ભરૂત વતી પ્રમુખ શ્રી સેજલ દેસાઈ, ઉપપ્રમુખ-શ્રી પરેશ ભટ્ટ તથા માનદ્ મંત્રી શ્રી રાકેશ દણાકના હસ્તે સન્માનપત્ર, બુકે, શાલ, ઓઢાડી સન્માનીત કરવામાં આવ્યા. વિદાય લઈ રહેલા પ્રમુખ શ્રી શૈલેષ દવે તેમના તરફથી વ્યવસ્થાપક સમિતિના તમામ સભ્યોને ગીફ્ટ આપી સન્માનીત કરી તેમણે આપેલ સાથ-સહકાર બદલ આભાર માનેલો. જ્ઞાતિજનોએ આપેલ સાથ-સહકાર બદલ તેમ જ ટ્રસ્ટી તરફથી વખતો વખત મળેલ માર્ગદર્શન બદલ આભાર માની સમિતિએ આપેલ પારદર્શક વહીવટ અને કમિટી સભ્યો, ટ્રસ્ટીઓએ આપેલ યોગદાનથી જ્ઞાતિએ કરેલ ઉત્તરોતર પ્રગતિનો અહેવાલ સવિસ્તાર આપ્યો નવા પ્રમુખ અને તેમની ટીમને શુભેચ્છા પાઠવી.

નવા વરાયેલા પ્રમુખ શ્રી સેજલ દેસાઈએ જ્ઞાતિજનોએ પોતાના ઉપર વિશ્વાસ મુકી પ્રમુખ તરીકે જવાબદારી સુપ્રત કરી તે બદલ સૌનો આભાર માની જણાવ્યું કે પોતે જ્ઞાતિ માટે સર્વેના

સાથ–સહકારથી કાંઈક વિશિષ્ટ કરવા માંગે છે. તેવો સંકલ્પ જાહેર કર્યો. કાર્યક્રમને સફળ બનાવવા કમીટી સભ્યો, યુવા પાંખ, મહીલા પાંખ જે સાથ સહકાર આપ્ય છે તેનો તેમજ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જ જ્ઞાતિજનોએ સાથ–સહકાર આપ્યો છે તે સૌનો આભાર માન્યો.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મહીલા માનદ્ મંત્રી દિપ્તી ભટ્ટે કર્યું. કાર્યક્રમને અંતે સૌ સૌ બ્રહ્મભોજન લઈ છુટ પડયા.

| | | |
|---|---|---|
| **રાકેશ દણાંક** | **પરેશ ભટ્ટ** | **સેજલ દેસાઈ** |
| **માનદ્ મંત્રી** | **ઉપપ્રમુખ** | **પ્રમુખ** |

**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

## શ્રી અમરેશ્વર મહાદેવ – વારાહી માતા – કાળકા માતા તથા જલારામ બાપા ટ્રસ્ટ ઉમરેઠ

વારાહી માતા મંદિર, વારાહી ચકલ, ઉમરેઠ–૩૮૮૨૨૦ (ગુજરાત)

સર્વે ભાવિક ભક્તોને જય વારાહી માતાજી સર્વે ભાવિક ભક્તોને જણાવવાનું કે ગત જલારામ જયંતિ નિમિત્તે ઉમરેઠ જલારામ મંદિરમાં ત્રણ હજાર માણસોએ ભોજનનો પ્રસાદ લીધો હતો. તેમજ સવારે જલારામ બાપાનો અન્નકોટ તથા આરતી દર સાલની માફક રાખેલ હતી. બીજું કે દેવ દિવાળી નિમિત્તે હરસાલની માફક વારાહી માતાજીનો અન્નકોટ તથા ભવ્ય આરતી તથા રોશની કરવામાં આવી હતી તે નિમિત્તે સર્વે ભાવિક ભક્તોને અલ્પહાર આપવામાં આવ્યો હતો. સર્વે ભાવિક ભક્તોને જણાવવાનું કે આપ માતાજીના દર્શને આવો ત્યારે ભેટ પેટીમાં મુકવાનો આગ્રહ રાખો.

અમરેશ્વર મહાદેવમાં નવીરૂમોનું બાંધકામ પૂર્ણ થઈ ગયેલ છે અને તેમાં ૨૦૧૮માં ભાસ્કરભાઈ હરિભાઈ ભટ્ટે રૂ. ૧,૧૧,૧૧૧/– હવનમાં જાહેર કરેલા છે અને તેઓ કેનેડા મુકામે રહે છે તો તેમને નમ્ર વિનંતી છે કે તેઓ તાકીદે ઉપરોક્ત ટ્રસ્ટનો ચેક મોકલવા વિનંતી છે. અમરેશ્વર મહાદેવમાં વિશાળ હોલ તથા રૂમો સાથે વાડી ભાડે આપવામાં આવે છે. વિશાળ પાર્કિંગ તથા પંદરસૌ માણસની સગવડ આપે વિશાળ વાડી તૈયાર થઈ ગયેલ છે. ભેટ ભેટ પેટીમાં મુકવાનો આગ્રહ રાખો.

